ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:- 2352/04/2024** **તા.20/04/2024**

## આજરોજ કેન્દ્રિય મંત્રી શ્રીમતી નિર્મલા સિતારમણજીએ અમદાવાદ ખાતે પ્રેસ વાર્તાને સંબોધન કર્યું.

## છેલ્લા 10 વર્ષમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં પ્રજાલક્ષી કાર્યો છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે:- શ્રીમતી નિર્મલા સીતારમણજી

## ગરીબ તેમજ વંચિતો માટે સરકાર કાર્ય કરીને તેમને પણ સશક્ત કરી અને તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા કટિબદ્ધ છે:- શ્રીમતી નિર્મલા સીતારમણજી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ કેન્દ્રિય મંત્રી શ્રીમતી નિર્મલા સિતારમણજીએ અમદાવાદ ખાતે પ્રેસ વાર્તાને સંબોધન કર્યું.

શ્રીમતી નિર્મલા સિતારમણજીએ સંબોધન કરતાં જણાવ્યુ કે, લોકસભા ચૂંટણી-2024 અંતર્ગત અમે સૌ દેશભરમાં પ્રવાસ કરીને પ્રજાલક્ષી કાર્યોની વાત લોકો સુધી પહોંચાડીએ છીએ. છેલ્લા 10 વર્ષમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં પ્રજાલક્ષી કાર્યો છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે અને જ્યાં પણ કોઈક જગ્યાએ એવા પ્રજાલક્ષી કાર્યો જે છેવાડાના માનવી સુધી નથી પહોંચ્યા તેને પહોંચાડવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. ગરીબ તેમજ વંચિતો માટે સરકાર કાર્ય કરીને તેમને પણ સશક્ત કરી અને તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવા કટિબદ્ધ છે. દેશની મહિલાઓને મફત ગેસ કનેક્શન ભાજપ સરકારે આપ્યા, મફત અનાજની સુવિધા, હર ઘર જળ અભિયાનથી પાણીની વ્યવસ્થા, 24 કલાક વીજળી, લઘુ તેમજ કુટીર ઉધ્યોગ માટે લોન આ તમામ મોદી સરકાર દ્વારા કરવામાં આવેલા 10 વર્ષના સુશાસનના કાર્યો પ્રજા સમક્ષ લઈને અમે જઈ રહ્યા છે.

આ પ્રેસવાર્તામાં પ્રદેશના મુખ્ય પ્રવકતાશ્રી યમલભાઈ વ્યાસ, પ્રદેશ મીડિયા સહ કન્વીનરશ્રી ઝૂબિનભાઈ આશરા, પ્રદેશ સહ પ્રવકતાશ્રીઓ શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, શ્રી પ્રેરકભાઈ શાહ, શ્રી ડૉ.શ્રદ્ધાબેન રાજપૂત, શ્રી રાજીકાબેન કચેરીયા, શ્રી જૈનિકભાઈ વકીલ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)